રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની પુન:
રચના કરવા બાબત

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક:- SJED/IWDMS1.0/e-file/17/2022/0044/CHH-1

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૧/૨૦૨૪

વંચાણે લીધા:- (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા૧૫/૦૨/૨૦૧૯નો ઠરાવ
ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૮/૨૪૬૨૫૬/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા૨૨/૦૭/૨૦૨૧નો ઠરાવ
ક્રમાંક:- અપગ/૧૦/૨૦૨૦/૩૫૦૧૬૩/છ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૬/૦૩/૨૦૨૩નો ઠરાવ
ક્રમાંક:- SJED/IWDMS1.0/e-file/17/2022/0044/CHH-1

(૪) ભારત સરકારના તા:૧૦/૧૧/૨૦૨૩ના પત્રક્રમાંક:DP-13011(7)/5/2022-DP

**આમુખ:**

નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નં-૪૦૦/૨૦૧૨ના હુકમ અન્વયે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ સંદર્ભે રચવામાં આવેલ તજજ્ઞ સમિતીના તા.૨૭/૦૧/૨૦૧૪ના અહેવાલને ધ્યાને લઇ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના આરોગ્ય વિષયક, શિક્ષણ વિષયક, રોજગાર વિષયક, સુરક્ષા વિષયક વગેરે જેવી યોજનાઓના ઘડતર માટે તેમજ તેના સુચારુ સંચાલન માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની અધ્યક્ષતામાં રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલ છે. રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના તા.૨૨/૦૭/૨૦૨૧ના ઠરાવથી ૬ (છ) બિન સરકારી સભ્યો તથા (૩)ના તા:૧૬/૦૩/૨૦૨૩ના ઠરાવથી રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં ઉપાધ્યક્ષનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના ભારત સરકારના તા:૧૦/૧૧/૨૦૨૩ના પત્રથી સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા મોકલી આપેલ મોડેલ ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના જોતાં તેમાં બોર્ડના ચેરમેન તેમજ સમાવેશ કરેલ સભ્યશ્રીઓના માળખામાં ફેરફાર જણાતા ભારત સરકાર દ્વારા સુચવેલ મોડલ ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ મુજબની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ભારત સરકારના મોડલ ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ મુજબ રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડનું માળખુ નીચે મુજબ નિયત કરવામાં આવે છે:

**ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટેના કલ્યાણ બોર્ડનું માળખું**

| ક્રમ | કલ્યાણ બોર્ડના સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | ચીફ સેક્રેટરી | અધ્યક્ષશ્રી |
| ૨ | પોલીસ મહાનિર્દેશક | સભ્ય |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | સભ્ય |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (ગૃહ વિભાગ) | સભ્ય |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) | સભ્ય |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (નાણા વિભાગ) | સભ્ય |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | સભ્ય |
| ૮ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ વિભાગ) | સભ્ય |
| ૯ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ વિભાગ) | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૦ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (શ્રમ અને રોજગાર વિભાગ) | સભ્ય |
| ૧૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) | સભ્ય |
| ૧૨ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (કાયદા વિભાગ) | સભ્ય |
| ૧૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ) | સભ્ય |
| ૧૪ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ) | સભ્ય |
| ૧૫ | સચિવશ્રી, રાજ્ય માનવ અધિકાર આયોગ | સભ્ય |
| ૧૬ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| ૧૭ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર | સભ્ય |
| ૧૮ | નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટી, ગાંધીનગર | સભ્ય |
| ૧૯ | નિયામકશ્રી, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર | સભ્ય |
| ૨૦ | (૧) ટ્રાન્સજેન્ડર મહિલા પ્રતિનિધિઓ (૨) ટ્રાન્સજેન્ડર પુરૂષ પ્રતિનિધિઓ (૩) ત્રીજા લિંગ/કિન્નર સમુદાયના ૦૨ પ્રતિનિધિઓ (૪) આ ક્ષેત્રમાં અનુભવ ધરાવતા એનજીઓના ૦૨ પ્રતિનિધિઓ | બિનસરકારી સભ્યો |

વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Jan-2024 (01:32 PM)

(પ્રમેશ ગામેતી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય માનવ અધિકાર આયોગ,
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.